# નડિયાદ રેલવે સ્ટેશન હવે વધુ ૧૩ ટ્રેનો ઊભી રહેશે

## નડિયાદ શહેર જિલ્લાનું વડુ મથક છે, તેમજ રોજ હજારોની સંખ્યામાં હાલ મુસાફરોની અવરજવર રહેતી હોય છે

વડોદરા,તા.૧૫

પશ્ચિમ રેલવે તરફથી મુસાફરોની માંગ અને સુવિધાઓને ધ્યાનમાં રાખતા અમદાવાદ ડિવિઝનની વિવિધ ટ્રેનોને નડિયાદ સ્ટેશન પર સ્ટોપેજ આપવામાં આવ્યું છે. નોંધનીય છે કે નડિયાદ સહિત સમગ્ર ખેડા જિલ્લાના લોકો તરફથી નડિયાદ રેલવે સ્ટેશન પરથી પસાર થતી ટ્રેનોને મુસાફરોની સુવિધા માટે સ્ટોપેજ આપવા માગણી કરવામાં આવતી હતી. આ અંગે ખેડાના સાંસદ દેવુસિંહ ચૌહાણે રેલવે મંત્રાલયમાં ઉચ્ચકક્ષાએ લેખિત રજૂઆત કરી હતી. જે બાદ મુસાફરોની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવાયો છે. નડિયાદ શહેર જિલ્લાનું વડુ મથક છે, તેમજ રોજ હજારોની સંખ્યામાં મુસાફરોની અવરજવર રહેતી હોય છે. એવામાં પશ્ચિમ રેલવે તરફથી સાંસદ દેવુસિંહ ચૌહાણની રજૂઆતના પગલે નડિયાદ સ્ટેશન પર ૧૩ ટ્રેનોને




સ્ટોપેજ આપવામાં આવ્યા છે. જેમાં ટ્રેન નં. ૦૨૯૭૩ ગાંધીધામ-પુરી સાપ્તાહિક સ્પેશ્યલ દર બુધવારે રાત્રે ૭.૫૦ કલાકે નડિયાદ પહોંચશે. ટ્રેન નં. ૦૨૯૭૪ પુરી-ગાંધીધામ સ્પેશ્યલ સાપ્તાહિક દર શનિવારે રાત્ર ૧.૦૮ કલાકે નડિયાદ પહોંચશે. ટ્રેન નં. ૦૬૫૮૭ યશવંતપુર-બીકાનેર ૧૮ દર શુક્રવાર અને રવિવારે સાંજે ૬.૪૭ કલાકે નડિયાદ પહોંચશે. ટ્રેન નં. ૦૬૫૮૮ બિકાનેર-યશવંતપુર દર મંગળવારે અને રવિવારે ૮.૩૪ કલાકે નડિયાદ પહોંચશે. ટ્રેન નં. ૦૨૯૪૬ ઓખા-મુંબઈ સેન્ટ્રલ સ્પે. રાત્ર ૯.૧૩ કલાકે નડિયાદ પહોંચશે. ટ્રેન નં. ૦૯૧૧૬ ભુજ-દાદર સવારે ૬.૧૫ કલાકે નડિયાદ પહોંચશે. ટ્રેન નં. ૦૯૧૧૫ દાદર-ભુજ સ્પેશ્યલ દરરોજ રાત્રે ૧૦.૨૨ કલાકે નડિયાદ પહોંચશે. આ ઉપરાંત ટ્રેન નં. ૨૯૪૪ અમદાવાદ-પુરી સ્પેશ્યલ અઠવાડિયામાં ૪ દિવસ સોમ, ગુરુ, શનિ, રવિ રાત્રે ૭.૪૧ કલાકે નડિયાદ પહોંચશે. ટ્રેન નં. ૨૯૪૩ પુરી-અમદાવા ટ્રેન, ટ્રેન નં. ૧૪૬૯ સોમનાથ-જબલપુર સ્પેશ્યલ, ટ્રેન નં. ૦૧૪૬૫ જબલપુર-સોમનાથ, ટ્રેન નં. ૦૧૪૬૪ જબલપુર-સોમનાથ, ટ્રેન નં. ૧૪૬૬ જબલપુર-સોમનાથ સ્પેશ્યલ ટ્રેનનો સમાવેશ થાય છે. ઉલ્લેખનીય છે કે નડિયાદ શહેરમાં કિડની હોસ્પિટલ, હાર્ટ હોસ્પિટલ, ધર્મસિંહ દેસાઈ યુનિવર્સિટી, આયુર્વેદિક કોલેજ તથા અન્ય રાજ્યના પરિવારો પણ વસવાટ કરે છે.

# રાજ્યમાં કોરોનાના કેસમાં વધુ ઘટાડો, નવા ૧૧૧૦ કેસ

## અત્યાર સુધીમાં કુલ ૮૭૮૦૨૬૬ ટેસ્ટ કરવામાં આવ્યા તેમજ ૨૧૨૯૩૯ લોકો સાજા થતા ડિસ્ચાર્જ કરાયા હતા

રાજ્યમાં કોરોનાની સ્થિતિ કાબૂમાં આવી રહી છે. ધીમે ધીમે સંક્રમિતોની સંખ્યામાં ઘટાડો થતો હોવા મળી રહ્યો છે. ત્યારે ગુજરાતમાં ગત ૨૪ કલાકમાં કોવિડ ૧૯ના ૧૧૧૦ કેસ નોંધાયા હતા. જો કે રાત્રી કરફ્યુ બાદ સ્થિતી ધીરે ધીરે થાળે પડી રહી હોય તેમ આંકડા ધીરે ધીરે ઘટવા લાગ્યા છે. રાજ્યમાં ૧૨૩૬ નવા દર્દીઓ સાજા થઈને ઘરે પરત ફરી ચુક્યા છે. અત્યાર સુધીમાં કુલ ૨૧૨૮૩૯ દર્દીઓ સાજા થઈ ચુક્યા છે. રાજ્યમાં દર્દીઓના સાજા થવાનો દર ૯૨.૫૭ ટકા થઈ ચુક્યો છે. રાજ્યમાં ટેસ્ટની સંખ્યામાં પણ દિન પ્રતિદિન વધારો કરવામાં આવી રહ્યો હોવાના દાવા સરકાર કરી રહી છે. આજે રાજ્યમાં કુલ ૫૪૮૮૩ ટેસ્ટ કરવામાં આવ્યા હતા. જે રાજ્યની વસ્તી અનુસાર પ્રતિ દિવસ ૮૪૪.૩૫ પ્રતિ મીલીયન થાય છે. રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ ૮૭૮૦૨૬૬ ટેસ્ટ કરવામાં આવ્યા છે. રાજ્યમાં જુદા જુદા જિલ્લાઓમાં આજની તારીખે કુલ ૫૩૫૯૨૨ વ્યક્તિઓને ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે. જે પૈકી ૫૩૫૭૮૯ વ્યક્તિઓને હોમ ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે. જ્યારે ૧૩૩ વ્યક્તિઓને ફેસીલીટી ક્વોરન્ટાઈન રાખવામાં આવ્યા હોવાની માહિતી પ્રાપ્ત થઈ રહી છે. જો એક્ટિવ દર્દીઓની વાત કરીએ તો રાજ્યમાં હાલ ૧૨૮૮૧ એક્ટિવ કેસ છે. વેન્ટિલેટર પર ૬૧ છે. જ્યારે ૧૨૮૨૦ લોકો સ્ટેબલ છે. ૨૧૨૮૩૯ લોકોને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. અત્યાર સુધીમાં કુલ ૪૧૯૩ લોકોનાં મોત નિપજ્યા છે. આજે ૧૧ લોકોનાં મોત નિપજ્યાં છે. જે પૈકી અમદાવાદ કોર્પોરેશનના ૮, સુરત કોર્પોરેશન ૨ મહીસાગર ૧ સહિત કુલ ૧૧ દર્દીઓનાં કોરોનાને કારણે મોત નિપજ્યાં છે.

# અમેરિકાના ઈતિહાસનું સૌથી મોટું રસીકરણ અભિયાન શરૂ થયું

વૉશિંગ્ટન,તા.૧૫

અમેરિકાના ઈતિહાસનું સૌથી મોટું રસીકરણ અભિયાન શરૂ થઈ ગયું છે અને ન્યૂયોર્કમાં ઈન્ટેસિવ કેર નર્સ કોરોના વેક્સીન મેળવનારી પ્રથમ અમેરિકન બની છે. વિશ્વમાં અમેરિકામાં કોરોનાથી સૌથી ખરાબ રીતે અસરગ્રસ્ત દેશ છે. અમેરિકામાં અત્યાર સુધી કોવિડ-૧૯થી થનારો મૃત્યુઆંક ૩,૦૦,૦૦૦ની નજીક પહોંચી ગયો છે. યુકે બાદ અમેરિકામાં કોવિડ-૧૯ માટે રસીકરણ અભિયાન શરૂ થઈ ગયું છે. શનિવારે અમેરિકાના એફડીએ દ્વારા ફાઈઝર-બાયોએનટેકની કોરોના વેક્સીનને મંજૂરી આપી હતી અને ત્યારબાદ હવે સમગ્ર દેશમાં રસીકરણ શરૂ થઈ ગયું છે. ઈન્ટેન્સિવ કેર નર્સ સાન્ડ્રા લિન્ડસે કોરોના વેક્સીન લેનારી પ્રથમ અમેરિકન બની છે. તેણે સ્થાનિક સમય પ્રમાણે સોમવારે સવારે ૯.૩૦ વાગ્યે ક્વીન્સમાં લૉંગ આઈલેન્ડ જયુઈશ મેડિકલ સેન્ટરમાં વેક્સીન લીધી હતી તેનું લાઈવ સ્ટ્રીમિંગ કરવામાં આવ્યું હતું. વેક્સીન લીધા બાદ તેણે જણાવ્યું હતું કે, મને અન્ય વેક્સીન લીધી હોય તેવી જ લાગણી થઈ છે. હું ઘણી રાહત અનુભવુ છું. મને આશા છે કે આનાથી આપણા દેશના સૌથી પીડાદાયક સમયનો અંત આવશે. હું લોકોને વિશ્વાસ અપાવવા ઈચ્છું છું કે વેક્સીન એકદમ સુરક્ષિત છે. નર્સ દ્વારા પ્રથમ વેક્સીન લીધા બાદ અમેરિકાના વર્તમાન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ પણ ઘણા જ ઉત્સાહિત જોવા મળ્યા હતા. તેમણે ટ્વિટ કરીને અમેરિકા સહિત સમગ્ર વિશ્વને અભિનંદન પાઠવ્યા હતા. તેણે ટ્વિટ કર્યું હતું કે, પ્રથમ વેક્સીન અપાઈ ગઈ છે. અભિનંદન અમેરિકા! અભિનંદન વિશ્વ! નોંધનીય છે કે ડોનાલ્ડ ટ્રમ્પ ઈચ્છતા હતા કે અમેરિકન પ્રમુખ પદ માટેની ચૂંટણી અગાઉ જ વેક્સીન આપવામાં આવે પરંતુ તેવું શક્ય બન્યું ન હતું. સોમવારે સવારે શિપમેન્ટમાં ફ્રોઝન વેક્સીન હોસ્પિટલોમાં પહોંચી હતી. જેથી કરીને હેલ્થ કેર કર્મચારીઓ તથા નર્સિંગ હોમ રેસિડેન્ટ્સને પ્રથમ વેક્સીન મળે. અમેરિકામાં અત્યાર સુધી ૨,૯૯,૧૬૩ લોકોના મોત થયા છે જ્યારે ૧૬.૨૫ મિલિયન લોકોને કોરોનાનો ચેપ લાગ્યો છે. છેલ્લા ઘણા દિવસોથી અમેરિકામાં કોરોનાના કેસની સંખ્યા અને મૃત્યુઆંક વધી રહ્યો છે. તેથી વેક્સીન અમેરિકા માટે ઘણા મોટા રાહતના સમાચાર છે. રવિવારે ફાઈઝરના મિશિગનમાં કાલામાઝૂ પ્લાન્ટમાંથી કોરોના વેક્સીનનો ૨.૯ મિલિયન ડોઝનો પ્રથમ જથ્થો ડિસ્ટ્રિબ્યુશન સેન્ટર્સ ખાતે મોકલવાની શરૂઆત થઈ હતી.

# કડીના યુવાનની અમેરિકામાં હત્યા

પેન્સિલવેનિયા, તા. ૧૫

અમેરિકામાં વધુ એક ગુજરાતીની કરપીણ હત્યા કરવામાં આવી છે. અમેરિકાના પેન્સિલવેનિયામાં અશ્વેત લૂંટારુંઓએ મૂળ ગુજરાતી એવા અશોક પટેલની ગોળી મારીને હત્યા કરી દેવામાં આવી છે. અમેરિકામાં મહેસાણાના કડીના વડુ ગામના પાટીદાર યુવકની હત્યા કરી નાંખતા વિસ્તારમાં ચકચાર મચી જવા પામી છે. કડીના વડુ ગામે અશોક પટેલના ઘરે શોકનો માહોલ ફેલાયો છે.

આ ઘટનાની મળતી માહિતી પ્રમાણે, મહેસાણા જિલ્લાના કડી તાલુકાના વડુ ગામના વતની અને છેલ્લા ૮ વર્ષથી અમેરિકામાં રહેતા પાટીદાર યુવકની અમેરિકામાં હત્યા કરવામાં આવી છે. તેમને અમેરિકાના પેન્સિલવેનિયામાં લૂંટારુએ ગોળી મારી હત્યા કરી છે. મૂળ ગુજરાતી યુવકનું નામ અશોક અંબાલાલ પટેલ જાણવા મળી રહ્યું છે. તેઓ છેલ્લા ૮ વર્ષથી અમેરિકામાં રહેતા હતા અને તાજેતરમાં જ નવી નોકરી શરૂ કરી હતી. નોકરી દરમિયાન સ્ટોર બંધ કરવા સમયે લૂંટારુએ હુમલો કર્યો હતો. નોકરી દરમિયાન સ્ટોર બંધ કરવા સમયે અશ્વેત લૂંટારુઓ લૂંટના ઈરાદે ત્રાટક્યા હતા અને ઘટનાને અંજામ આપીને ફરાર થયા હતા.




મોડાસા ટાઉનહોલ આગળ ભાજપના નવનિયુક્ત જિલ્લા પ્રમુખ રાજેન્દ્રભાઈ પટેલ, મોડાસા શહેર પ્રમુખ રણધીરભાઈ ચુડગર, મહામંત્રી કિશોરભાઈ જોષી તથા અનિલભાઈ પટેલની નગરની વિવિધ સંસ્થાઓ તેમજ અલગ-અલગ સમાજના આગેવાનો દ્વારા સન્માનિત કરી અભિવાદન કરવાનો કાર્યક્રમ યોજાઈ ગયો. આ પ્રસંગે મોડાસા ભાવસાર સમાજ અને ધી હિંગળાજ ક્રેડિટ કો-ઓપરેટીવ મંડળી ભાવિનભાઈ ભાવસાર, અનિલભાઈ ભાવસાર, વિનોદ ભાવસાર તેમજ પ્રકાશભાઈ ભાવસાર, જગદીશભાઈ ભાવસાર તથા મેહુલભાઈ ભાવસારે તેઓનુ સન્માન કરી બહુમાન કરેલ હતુ.

# બ્રિટનમાં એક કરોડ લોકો પર ટિયર-૩ શટડાઉન લાગુ

## કોરોના વાયરસની સ્થિતિ વધુ ગંભીર બની

લંડન, તા. ૧૫

બ્રિટનમાં કોરોના વાયરસની મહામારીના કારણે સ્થિતિ વધુ ગંભીર થઈ રહી છે. ત્યાં દક્ષિણપૂર્વમાં રહેતા ૧ કરોડ લોકો પર ટિયર-૩ શટડાઉન લાગુ કરવામાં આવ્યું છે. ત્યાંના સ્વાસ્થ્યમંત્રીએ ચેતવણી આપતા કહ્યું છે કે કોરોના વાયરસનો આ નવો પ્રકાર હવે ગતિ પકડી રહ્યો છે. આ સાથે જ હવે લોકડાઉનની જાહેરાત કરવામાં આવી છે. લંડનમાં આ નિયમ બુધવારે સવારથી લાગુ થશે. ત્યારબાદ ફરી એકવખત બિઝનેસ પર તેની અસર પડી શકે છે.

લંડન સિવાય હર્ટફોર્ડશાયર અને એસેક્સમાં પણ લોકડાઉન લાગુ કરાશે. આ સાથે જ દેશની ૬૦% વસ્તી પર પ્રતિબંધ લાગુ થશે. બ્રિટનમાં સોમવારે કોરોનાના ૨૦,૨૬૩ કેસ નોંધાયા જે ગત સોમવારની સરખામણીમાં વધુ છે. કોરોના વાયરસ સામેનું સૌથી મોટું હથિયાર ઝડપી કાર્યવાહી છે માટે રાહ જોવી જોઈએ નહીં. હજુ આગળ પણ જરૂરી કાર્યવાહી કરવામાં આવશે.

હવે ત્યાં એવી ચેતવણી પણ આપવામાં આવી છે કે ક્રિસમસના તહેવાર પર મિત્રો-સંબંધીઓને મળતા સાવધાની રાખવી જરૂરી છે. ત્યાંના સ્વાસ્થ્યમંત્રીએ એવો દાવો કર્યો છે કે વૈજ્ઞાનિકોને કોરોના વાયરસના 'નવા પ્રકાર' વિશે જાણવા મળ્યું છે. આ કારણે બ્રિટનમાં ઝડપી ગતિએ કોરોના વાયરસ ફેલાઈ રહ્યો છે. પરંતુ, એવા સંકેત પણ મળી રહ્યા છે કે આ વધારે ઘાતક નથી. બ્રિટન એવો પહેલો દેશ બન્યો હતો કે જ્યાં ટ્રાયલની બહાર લોકોને કોરોના વાયરસની રસી આપવામાં આવી. જે લોકોમાં કોરોના વાયરસનો વધુ ખતરો રહેલો છે તેઓને સૌપ્રથમ કોરોના વાયરસ વેક્સિન આપવામાં આવશે.

# છાપી પંપના બાયો ડિઝલમાં ભેળસેળ પકડાઈ : બે વિરુદ્ધ ગુનો દાખલ

છાપી પંથકમાં અગાઉ મામલતદાર સહિતની ટીમે બાયોડીઝલ પંપ સામે કાર્યવાહી કરી હતી. જે બાદમાં તપાસને અંતે ઈંધણનો જથ્થો ભેળસેળયુક્ત હોવાનું સામે આવતાં વડગામ મામલતદારે બે લોકોની સામે નામજોગ ફરીયાદ નોંધાવી છે. આરોપીઓ બાયોડીઝલ પંપમાં કોઈપણ મંજુરી વગર અને ગ્રાહકો સાથે ઠગાઈ-વિશ્વાસઘાત કરી ભેળસેળયુક્ત ઈંધણનું વેચાણ કરતાં હોવાથી કાર્યવાહી કરવામાં આવી હતી.

બનાસકાંઠા જીલ્લાના છાપી રોડ પર ભરકાવાડા નજીક બાયોડીઝલ પંપ સામે ગત દિવસોએ કાર્યવાહી કરાઈ હતી. તા.૮-૯-૨૦૨૦ ના રોજ તત્કાલિન મામલતદાર, પુરવઠા તંત્ર સહિતનાએ ભરકાવાડા પાસે સુન્ધાજી ટ્રેડિંગ કંપની બાયોડીઝલ પંપમાં તપાસ કરી હતી. આ દરમ્યાન તંત્ર દ્વારા સ્થળ ઉપરથી ૩૧,૮૮૫ લીટર બાયોડીઝલ જેવા ભેળસેળયુક્ત પદાર્થ કિ. રૂ.૧૮,૫૦,૨૮૭નો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ તરફ કબજે કરાયેલા જથ્થાનું જરૂરી પરીક્ષણ કરવા નમુના એફએસએલ ખાતે મોકલાયા હતા.

સૂત્રોએ જણાવ્યું હતુ કે એફએસએલની તપાસમાં બાયોડીઝલ ભેળસેળયુક્ત હોવાનું ખુલ્યુ હતુ. આ સાથે નમુનાનું પ્રવાહી બાયોડીઝલની લાક્ષણિકતાઓની જરૂરીયાત ન સંતોષતુ હોવાનું સામે આવ્યુ હતુ. તેમજ પ્રવાહી પેટ્રોલીયમ હાઈડ્રોકાર્બન્સની હાજરી હોવાનું પણ સ્પષ્ટ થયુ હતુ. જેને લઈ વડગામ મામલતદારે અશ્વિનભાઈ શંભુભાઈ સોજીંત્રા ( જસદણ જી. રાજકોટ) અને સુનિલભાઈ લલિતકુમાર ( ડીસા) સામે ભેળસેળ યુક્ત ઈંધણ વેચી ગ્રાહકો સાથે ઠગાઈ તથા વિશ્વાસઘાત કરી વેચાણ કરતાં હોવાની ફરીયાદ નોંધાવી છે. પોલીસે આરોપીઓ સામે આઈપીસીની કલમ ૪૦૬, ૪૨૦ અને આવશ્યક ચીજ વસ્તુઓ કાળા બજાર વેચાણ પ્રતિબંધ પુરવઠા જાળવણી અધિનિયમની કલમ ૩, ૭ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# આમ આદમીએ ઉત્તરપ્રદેશમાં ચૂંટણી લડવાની જાહેરાત કરી

## ઉત્તર પ્રદેશમાં ૨૦૨૨માં વિધાસભાની ચૂંટણી યોજાશે : દિલ્હીમાં સરકાર ધરાવતી એએપી દિલ્હી ઉપરાંત પંજાબ, ગોવા, હરિયાણામાં અનેક બેઠક પર ચૂંટણી લડી ચૂકી છે

નવી દિલ્હી, તા. ૧૫

આમ આદમી પાર્ટીના સંયોજક અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે ઉત્તર પ્રદેશ વિધાનસભાની ચૂંટણી લડવાની જાહેરાત કરી છે. વર્ષ ૨૦૨૨માં યુપીમાં વિધાનસભાની ચૂંટણી યોજાશે. તેમણે કહ્યું કે, જનઆંદોલન દ્વારા આઠ વર્ષ પહેલાં તેમણે પાર્ટી બનાવી હતી અને આપ દિલ્હીમાં ત્રણ વખત સરકાર બનાવવામાં સફળ રહી. સાથે જ તેમની પાર્ટીએ પંજાબમાં મુખ્ય વિપક્ષી પાર્ટીની ભૂમિકા પણ ભજવી.

મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે કહ્યું કે, ઉત્તર પ્રદેશમાં ઘણી પાર્ટીઓની સરકાર આવી અને બધાએ પોતાનું ઘર ભરવાનું કામ કર્યું. આ દરમિયાન ઉત્તર પ્રદેશના ઘણા લોકો આવ્યા જેમણે કહ્યું કે, આપે ઉત્તર પ્રદેશમાં વિધાનસભાની ચૂંટણી લડવી જોઈએ. તેમણે સવાલ ઉઠાવ્યા કે, યુપીના લોકોને દરેક કામ માટે દિલ્હી કેમ આવું પડે છે? કાનપુરના વિદ્યાર્થીઓને સારી કોલેજ માટે દિલ્હી કેમ આવું પડે છે? ભારતનું સૌથી મોટું રાજ્ય વિકસિત પ્રદેશ કેમ નથી?

અરવિંદ કેજરીવાલે કહ્યું કે, ઉત્તર પ્રદેશમાં બધાની સરકાર બની ચૂકી છે. આવામાં હવે ત્યાંના લોકો આમ આદમી પાર્ટી પર વિશ્વાસ કરશે. તેમણે કહ્યું કે, યુપીમાં મહોલ્લા ક્લિનિક કેમ નથી બની શકતાં? સાથે જ કેજરીવાલે ભાજપ સરકાર પર નિશાન સાધતાં કહ્યું કે, મહિલાઓ સાથે દુષ્કર્મ કેમ રોકાતાં નથી? ઉલ્લેખનીય છે કે, આમ આદમી પાર્ટી દિલ્હી ઉપરાંત પંજાબ, ગોવા અને હરિયાણામાં પણ કેટલીક બેઠકો પર ચૂંટણી લડી ચૂકી છે. દિલ્હીમાં આપની સરકાર છે, જ્યારે પંજાબમાં પણ પાર્ટીને સારી એવી સફળતા મળી છે. શિક્ષણ, સ્વાસ્થ્ય અને મફત વિજળી, પાણી જેવા મુદ્દાઓ સાથે વર્ષ ૨૦૨૦માં દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં આપ ૭૦માંથી ૬૨ સીટો જીતીને દિલ્હીમાં ત્રીજી વખત સરકાર બનાવવામાં સફળ રહી હતી.

# સાયન્સ સિટી રોડ ઉપર એક પ્લોટ ૧૦૨ કરોડમાં વેચાયો

## આ પ્લોટ હિતાર્થ પાર્ટી પ્લોટની સામે આવેલો છે અને શુકન મોલથી સાયન્સ સિટી સર્કલ તરફ ૧ કિમી દૂર છે

અમદાવાદ,તા.૧૫

હજુ થોડા દિવસ પહેલા જ શહેરના ઈસ્કોન સર્કલ પર રેકોર્ડબ્રેક ભાવે જમીનનો એક સોદો થયો હોવાના સમાચાર બાદ હવે સાયન્સ સિટી રોડ પર વધુ એક મોટી ડીલ ચર્ચામાં આવી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, પાંચ હજાર વારના આ પ્લોટને શહેરના એક બિલ્ડરે ૧૦૨ કરોડ રુપિયામાં ખરીદ્યો છે. આ પ્લોટ હિતાર્થ પાર્ટી પ્લોટની સામે આવેલો છે, અને શુકન મોલથી સાયન્સ સિટી સર્કલ તરફ ૧ કિમી દૂર છે.

૧૦૨ કરોડ રુપિયાની આ ડીલને વારના ભાવે ગણીએ તો, આ સોદામાં ૧ ચોરસવાર જમીનના ૨.૦૫ લાખ રુપિયા ચૂકવાયા છે તેમ સૂત્રો જણાવે છે. સામાન્ય રીતે સાયન્સ સિટી રોડ પર જમીનનો ભાવ ૧ લાખ રુપિયા પ્રતિ ચોરસવાર ચાલે છે. જોકે, આ પ્લોટ રોડ ટચ છે, અને તેમાં હ્જીં પણ વધારે હોવાથી આ એરિયામાં ચાલતા ભાવ કરતા તેના ડબલ રુપિયા ચૂકવવામાં આવ્યા છે. આ ડીલથી માહિતગાર એક સૂત્રના જણાવ્યા અનુસાર, ૧૦૨ કરોડમાં જમીન ખરીદનારા બિલ્ડર તેના પર રેસિડેન્શિયલ પ્રોજેક્ટ બાંધવાનું આયોજન ધરાવે છે. છેલ્લા એક મહિનામાં અમદાવાદમાં આ બીજી મોટી ડીલ થઈ છે. થોડા દિવસો અગાઉ ઈસ્કોન સર્કલ પર ૫૦૦૦ ચોરસવારનો જ પ્લોટ ૧૫૦ કરોડ રુપિયામાં વેચાયો હતો. આ સોદામાં એક ચોરસવાર જમીનના ૩ લાખ રુપિયા ચૂકવવામાં આવ્યા હતા. શહેરમાં કોરોનાને કારણે જમીનોના અનેક સોદા અટવાઈ ગયા હતા. બીજી તરફ, મંદી પણ ચાલતી હોવાના કારણે માર્કેટમાં ખાસ નવું કામકાજ પણ જોવા નહોતું મળી રહ્યું. જોકે, આ બે સોદા સાબિત કરે છે કે અમદાવાદમાં સ્થિતિ સુધરી રહી છે. સૂત્રોનું માનીએ તો, કોરોનાને લીધે અનેક કંપનીઓએ વર્ક ફ્રોમ હોમ શરુ કર્યું હોવાથી કોમર્શિયલ સ્પેસમાં કોઈ નવી ડિમાન્ડ હાલ નથી જોવા મળી રહી. તેવામાં બિલ્ડરો પોતે ખરીદેલી જમીન પર ફ્લેટ બનાવવાનું વધારે પસંદ કરી રહ્યા છે. અમદાવાદમાં છેલ્લા એક મહિનામાં જમીનના જે બે મોટા સોદા થયા છે તે બંને પર ફ્લેટ બનશે તેવું હાલ જાણવા મળી રહ્યું છે. ઉલ્લેખનીય છે કે, શહેરમાં હાલ અલ્ટ્રા લક્ઝરી સેગ્મેન્ટમાં સારી એવી ડિમાન્ડ જોવા મળી રહી છે. જેમાં ૪-૫ કરોડ રુપિયાની કિંમત ધરાવતા ફ્લેટ્સનો સમાવેશ થાય છે. ઘણા લોકો હવે ઓફિસને બદલે ઘરેથી જ કામ કરવાને પ્રાયોરિટી આપી રહ્યા છે તેવામાં મોટા ઘરની ડિમાન્ડમાં પણ વધારો થયો છે.

### વધુ ૫૧ કેસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કલોલ તાલુકામાં કોરોનાએ આજે તેનુ પુનઃ વિકરાળ રૂપ દેખાડ્યુ છે. તાલુકામાં આજે ૧૩ કેસ નોંધાયા છે. છેલ્લા એક સપ્તાહથી જે રીતે તાલુકામાંથી કેસો મળવાના શરૂ થયા છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે.

તાલુકાના આમજા, નારદીપુર, ડિંગુચા, પાનસર અને ઓસા ગામેથી કેસો મળી આવ્યા છે.

કલોલ અર્બન-૨ વિસ્તારમાંથી ૮ કેસ મળી આવ્યા છે. કલોલ શહેરમાં કોરોનાએ પુનઃ માંથુ ઉંચક્યુ છે. તંત્રએ શહેરમાં સોશિયલ ડિસ્ટન્સીંગ, ક્વોરોન્ટાઈન માટેની ગાઈડલાઈન તેમજ ફરજીયાત માસ્કનો અમલ કડક રીતે થાય તે જોવા તેમજ સર્વેલન્સ સઘન કરવા તાકીદ કરી છે.

જિલ્લામાં આજે વધુ ૧૪ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે જિલ્લામાં અત્યાર સુધીમાં ૩૨૪૯ દર્દીઓ કોરોનામુક્ત થઈ રિકવર થયા છે.

જિલ્લામાં આજે ૨૭૬ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જેમાં ૧૦૦ થી વધુ દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લામાં આજે ૧૨,૧૩૬ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે. જિલ્લાના ગ્રામીણ વિસ્તારમાં જે રીતે સંક્રમણના કેસો વધી રહ્યા છે તેણે તંત્રની ચિંતા વધારી છે. ગ્રામીણ વિસ્તારમાં ટેસ્ટીંગનું પ્રમાણ પણ વધારવામાં આવ્યુ છે. ગ્રામીણ વિસ્તારમાં હોમ આઈસોલેશનની ગાઈડલાઈન તેમજ સોશિયલ ડિસ્ટન્સીંગનું પાલન અસરકારક રીતે થાય તે જોવા માટે પણ અધિકારીઓને ખાસ સૂચના આપવામાં આવી છે.

ગાંધીનગર શહેરમાં આજે વધુ ૨૧ કેસ મળી આવેલ છે. આ સાથે શહેરમાં કોરોનાના કેસોની સંખ્યા વધીને ૨૯૪૯ પર પહોંચી છે.

શહેરમાં કેસોની સંખ્યામાં સતત ચડાવ-ઉતાર જોવા મળતાં તંત્રએ સતર્કતા દાખવી અને સઘન સર્વેલન્સ તેમજ સોશિયલ ડિસ્ટન્સીંગના પાલન અસરકારક રીતે થાય તે જોવા સૂચના આપી છે.

શહેરમાં આજે નોંધાયેલા ૨૧ કેસમાં ૮ મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે. આજે પણ મોટીવયના દર્દીઓની સંખ્યા પણ નોંધાઈ છે. તંત્રએ મોટીવયના લોકોને જરૂરી ના હોય તો ઘરની બહાર ન જવાની અપીલને દોહરાવી છે.

આજે સંક્રમિત થનારાઓમાં પત્રકાર, કચેરી અધિક્ષક, નાયબ સેક્શન અધિકારી, એડવોકેટ, કામદાર રાજ્ય વીમા યોજનાનો કર્મયોગી, સી.બી.આઈ.ના કર્મયોગીનો સમાવેશ થાય છે.

શહેરમાં સે. ૨ માંથી ૪ તો સે. ૨૧ માંથી ૩ તેમજ સે. ૧૨ અને સે. ૩ માંથી ૨-૨ કેસ મળી આવવા ઉપરાંત જીઈબી, સે. ૧૭, સે. ૩૦, ૨૯, ૨૨, ૧, ૮, ૬, ૫, ૭ માંથી પણ કેસો મળી આવ્યા છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાંથી ૩ ને હોસ્પિટલમાં તથા એક દર્દીને એસ.ટી.સી.ના કોવિડ કેર સેમ્ટરમાં દાખલ કરવામાં આવેલ છે.

શહેરમાં આજે પણ ૨૫૦ થી વધુ દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે. આજે વધુ ૨૬ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આજે શહેરમાં ૩૧૧ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. શહેરમાં અત્યાર સુધીમાં ૨૬૦૮ દર્દીઓ રિકવર થઈ ચુક્યા છે.

### કટોતી કરાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સર્વે કરીને ભયજનક સ્થિતિને ડામવા માટે જોખમી વૃક્ષોની કટોતી કરવામાં આવે છે. જયારે ગાંડા બાવળના વૃક્ષો પણ ઘણી જગ્યાએ અસ્તિત્વ ધરાવે છે. ત્યારે સમયાંતરે આ બિનઉપયોગી વૃક્ષોને પણ કાપવામાં આવે છે. જેના લીધે હરિયાળીને પણ નુકશાન થતુ અટકી શકે અને બાવળના વૃક્ષોનો વ્યાપ પણ ઓછો થાય તેવા આશયથી બાવળની કટોતી કરવામાં આવે છે. શહેરના નવા અને જુના સચિવાલય પાસેના વિસ્તારમાં આ પ્રકારના વૃક્ષોની સંખ્યા વધી છે. ત્યારે વનતંત્ર દ્વારા આ ઠેકાણેથી વૃક્ષોની કટોતી કરવા માટે કામગીરી હાથ ધરવામાં આવશે. બુધવારથી જુના નવા સચિવાલય પાસેના માર્ગ આસપાસના વિસ્તારમાંથી ગાંડા બાવળો દુર કરવા માટે અભિયાન હાથ ધરવામાં આવશે. જયારે તબક્કાવાર અન્ય વિસ્તારમાંથી ગાંડા બાવળના જોખમી અને હરિયાળીને નુકશાન પહોંચાડતા વૃક્ષોની કટોતી માટે આયોજન કરાશે.

### સત્ર રદ

● અનુસંધાન પહેલાનું ચાલુ

રંજન ચૌધરીની તરફથી એક સત્ર માટે માંગણી કરાઈ હતી, જેમાં મોટાપાયા પર થઈ રહેલા ખેડૂત વિરોધ પ્રદર્શનોને લઈ વિવાદાસ્પદ નવા કૃષિ કાયદા પર ચર્ચા કરવાની માંગણી કરાઈ હતી. જોશી એ જવાબ આપ્યો કે તેમણે તમામ પક્ષોના નેતાઓની સાથે વિચાર-વિમર્શ કર્યો હતો અને સર્વસહમતિથી કોવિડ-૧૯ના લીધે સત્ર ના બોલાવા પર તમામ સહમત થયા હતા.

### મુખ્ય અતિથિ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ભારત જવાને લઈને ઘણો જ ખુશ છું. આ ગ્લોબલ બ્રિટન માટે એક ઉત્સાહજનક વર્ષની શરૂઆત છે. હું ભારતની સાથે બંને દેશોના દ્વિપક્ષીય સંબંધોને નવી ઊંચાઈ પર પહોંચાડવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સાથે કરવામાં આવેલા વાયદાને પૂર્ણ કરવા માટે ઉત્સુક છું. બોરિસ જ્હોન્સનની બ્રિટનની સત્તા સંભાળ્યા બાદ આ પહેલી ભારત યાત્રા હશે.

ભારતીય વિદેશ મંત્રી એસ. જયશંકરે કહ્યું કે, બ્રિટનના વડાપ્રધાન બોરિસ જ્હોન્સનનું દેશના પ્રજાસત્તાક દિવસ સમારંભમાં મુખ્ય અતિથિ તરીકે સામેલ થવાનું નિમંત્રણ સ્વીકારવું ભારત અને બ્રિટનના સંબંધોમાં નવા યુગનું પ્રતીક હશે.